ભાષા સઘળે સ્થળે એક જ છે—તે સાર્વત્રિક છે. જાતિ, ધર્મ, દેશ, વગેરેની ગમે તેટલી ઊંચી દીવાલો આડી ખડકાઈ હોય તોપણ કલા અને સાહિત્ય એ દીવાલોને સહેલાઈથી ટપી જાય છે. રાજકારણ અને અર્થકારણ માનવીને માનવીથી જુદો પાડે છે, દૂર ધસડી જાય છે, અરસપરસની ઓળખાણને પણ ભૂંસી નાખે છે. માનવી માનવીને એકત્ર આણવાનો—એમનાં દિલને સાંધવાનો દેખાવ (જલદી પારખી ન શકાય તેવો દેખાવ) તેઓ ભલે ઊભો કરે; પરંતુ એ એમનો આંતરૂધર્મ—સ્વભાવધર્મ નથી. એકત્ર આણવાનું—સાંધવાનું કાર્ય તો માનવધર્મનું છે; એની એ સ્વાભાવિક વૃત્તિ છે. ને એથી જ તો સઘળા સાચા કલાકારો એ ધર્મની જ ઉપાસના કરે છે. એમ કહો કે, એ ધર્મની ઉપાસના સિવાય હરકોઈ કલાકારની કલાનો વિકાસ સંપૂર્ણતાએ પહોંચી જ શકતો નથી.

છેલ્લાં થોડાંએક વરસો દરમિયાન ગુજરાત—મહારાષ્ટ્રમાં અરસપરસ સાહિત્યની લેવડદેવડ ઠીક ચાલુ થઈ છે. ઉક્ત દૃષ્ટિએ મને એ પ્રવૃત્તિ ઘણી આવકારદાયક અને ઇષ્ટ જણાઈ છે. સાહિત્યની આ તરેહની લેવડદેવડને પરિણામે હવે પછીના દાયકામાં ગુજરાત અને મહારાષ્ટ્ર પરસ્પરની વધુ નજીક આવશે, એકબીજાનાં અંતરંગો વધારે સહાનુભૂતિથી પિછાનતા થશે અને સ્વ૦ સાને ગુરુજી સરખા સાત્ત્વિક સાહિત્યકારનું આંતર-ભારતીનું સ્વપ્ન, ભલે થોડે અંશે પણ સફળ કરી દાખવશે એવી મને આશા છે.

૨

મારા આ સંગ્રહનું નામ 'સ્વપ્નસૃષ્ટિ' છે. એ નામ વાંચતાં જ વાચકોને એમ લાગી જવાનો સંભવ છે કે આ વાર્તાઓ લેખકની કલ્પનાનું કેવળ ઉડ્ડયન હશે. આવો કલ્પનાવિહાર સાહિત્યનું

એક રમ્ય અંગ હોય છે એ વાત ખરી છે. પીઠ પર રોળાતા કૃષ્ણ ઘનોનો ઢીલો અંબોડો ગૂંથવા અર્થે આકાશદેવીએ કેશભૂષા કરતી વેળા બાજુએ રાખી મૂકેલા રંગબેરંગી દોરા સરખું ઇંદ્રધનુષ્ય–પૂર્ણચંદ્રના કલશમાંથી જગન્માતા પૃથ્વી પર અમૃતસિંચન કરી રહ્યાં છે એવો આભાસ પેદા કરતી ચાંદની–અગર કોઈ ચપલચરણ નર્તિકાની પેઠે મેઘગર્જનાના તાલ સાથે નૃત્ય કરતી ને ગગનરૂપી જવનિકાની બહાર સહેજ ડોકાઈ ક્ષણમાત્રમાં અદૃશ્ય બની જતી વિદ્યુલ્લેખા–એમના સરખી અજબ મોહિની સાહિત્ય માંહેની સ્વૈર કલ્પનાનાં ઉડ્ડયનોમાં જરૂર હોય છે. આવી કલ્પનાશક્તિ આંખો આંજી દે છે, બુદ્ધિને કંપ આપે છે અને વાચકને ઘડીભર કોઈ યક્ષભૂમિમાં પહોંચાડી દે છે. પણ આખરે યક્ષભૂમિ તે યક્ષભૂમિ જ છે; ત્યાં મૃત્યુલોકનું સાચું દર્શન ક્યાંથી સાંપડે? ત્યાંનાં ઉપવનોનાં ફળો મધુર અને રસાળ ભલે હોય; પણ સામાન્ય માનવીને ભાવતાં પીલુ, બોર કે આંબલીના કાતરા ત્યાં નહિ મળે. રોજબરોજના માનવી જીવનના ખાટામીઠા અને ખારાતુરા અનુભવો એ કલ્પનારમ્ય સૃષ્ટિમાં કાંઈ ઓછા જ મળવાના છે?

વાસ્તવિકતા સાથે જેને કશી જ લેવાદેવા નથી એવા ખાલી કલ્પનાવિલાસ–ઉડ્ડયનો આ વાર્તાઓમાં ક્યાંઈ પણ નહિ સાંપડે. આમાંના બધા પ્રસંગો આપણા જેવા સામાન્ય સ્થિતિના માનવીના જીવનમાં રોજરોજ હરઘડી બને તેવા જ છે. એમાં ગરીબાઈ છે, તાલેવારપણું છે, સૌજન્ય છે, લાગણીહીનતા છે, સામાજિક સુખદુઃખો છે, વ્યક્તિના અંતરમાં થનારાં તોફાનો અને પરિવર્તનો છે. એમ છતાં આ નવલિકાસંગ્રહનું નામ 'સ્વપ્નસૃષ્ટિ' રાખવાનાં બે મુખ્ય કારણો છે. એક તો આ સંગ્રહ માંહેની અનેક વાર્તાઓ ખુદ મારા પોતાના જીવનમાં બની ગયેલી છે; આજે મને તે હવે સ્વપ્નાં

જેવી ભાસે છે, પણ એક સમય એવો હતો જ્યારે એ બધાં સ્વપ્નો મેં સત્યસૃષ્ટિમાં નજરોનજર જોયાં હતાં. બીજું કારણ એ છે કે આમાંની મોટા ભાગની વાર્તાઓમાં સામાન્ય જનના અંતરમાં પણ જે ઉદાત્ત ભાવો સુષુપ્તપણે રહેલા છે તેના પર આછો પ્રકાશ ફેંકવાનો મેં પ્રયત્ન કર્યો છે. આજના સાહિત્યમાં, અને કદાચ ને આજના સામાજિક મનને માટે પણ આ ઉદાત્તતા સ્વપ્નવત્ છે એમ ભાસે, છતાં મારી તો એના પર અચળ શ્રદ્ધા છે.

૩

'મારી શાળા' 'જૂનો કોટ' 'બે છેડા' 'ઝબલું' 'ખોવાયેલ આત્મા' 'પ્રેમની ખોજ' વગેરે આ સંગ્રહ માંહેની વાર્તાઓનાં કથાબીજ ખરેખર મને મારા પોતાના જીવનમાંથી સાંપડેલાં છે. આમાંની પહેલી વાર્તાની હકીકત જરા હું વિસ્તારથી રજૂ કરવા માગું છું. એ પરથી આ 'સ્વપ્નસૃષ્ટિ' ખરેખર સત્યસૃષ્ટિ પણ છે એ વાતની ખાતરી વાચકો કરી શકશે.

ગામડાંઓના લોકો જ્ઞાન મેળવતા થાય અને સમાજના છેક તળિયાના થર સુધી જ્ઞાનગંગાની સરવાણી પહોંચે એવી ભાવનાથી પ્રેરાઈને ફક્ત વીશ જ વરસની ઉંમરે હું કોંકણના છેક ખૂણાના એક ગામડામાં જઈને બેઠો ને ત્યાં અંગ્રેજી નિશાળ ચાલુ કરી. કુટુંબમાં અમે ગણ્યાંગાંઠ્યાં બે ત્રણ માણસો જ હતાં; પરંતુ તેટલી વ્યક્તિઓનું પણ ભરણપોષણ શાળામાંથી મળતા ટૂંકા પગારમાંથી કરવું અશક્ય હતું. લગભગ શરૂઆતથી જ લેખનવ્યવસાયમાં મને પૈસા મળવા લાગ્યા એથી જ એ કાળે કહો કે હું રોજ બે વખત જમવા પામતો હતો! છતાં ડગલે ને પગલે સામે ભેટતા—હસ્તધૂનન કરવા ઉતાવળા થતા એ ભયાનક દારિદ્રયથી હું એ વેળા જરા ય

થડકયો કે બીધો નહોતો. આદર્શવાદ ઘણે ભાગે આંધળો હોય છે, ને તેથી જ ઘણું ખરું દારિદ્રયનું એવું બિહામણું સ્વરૂપ પણ એને ડારી શકતું નહિ હોય.

પણ હરકોઈ મુશ્કેલીની પરવા કર્યા વિના હાથ ધરેલા આ ગામડાના કાર્યને બરાબર વળગી રહેવાના મારા દૃઢ નિશ્ચયને પણ વિચલિત કરી દે એવી પરિસ્થિતિ પછીનાં પાંચછ વરસે ઊભી થઈ. સઘળી લાંબી રજાઓમાં રખડી રખડીને, મુંબઈથી માંડી ગોવા સુધીના પ્રદેશમાં ઘૂમીને અમે નિશાળના મકાન માટે ફંડ એકઠું કર્યું, અને ગામની વચમાં જ સરસ્વતીનું એક સુંદર મંદિર—શાળાનું મકાન ઊભું થયું. પણ એ જ અરસામાં ગામના કેટલાક લોકોએ શાળા સાથે ઝઘડો કરવાનો આરંભ કરી દીધો.

ખરું પૂછો તો આપણાં બધાં ગામડાંઓમાં નજર આવતી આ તો એક સનાતન—કાયમી કથની છે. પહેલાં તો ગામડામાં કોઈ સારી બાબત ઊભી થવાની જ મુશ્કેલી હોય છે; છતાં એમાં ય કદાચ ને કાંઈક થઈ શક્યુ તોપણ ત્યાંના પક્ષોના ગજગ્રાહમાં, પ્રતિષ્ઠાની ખેંચાખેંચીમાં અને ટૂંકી નજરવાળા છતાં સત્તાલોભી લોકોની મહત્ત્વાકાંક્ષાના સકંજામાં એના કુરચેકુરચા થઈ જતાં જરા ય વાર નથી લાગતી. સહકારી જીવનનો ઘડો લેવાનું જ જે આદિ સ્થાન છે ત્યાં જ કલિપુરુષનો—ટંટાબખેડા અને અણબનાવનો સતત અને અનિરુદ્ધ સંચાર થયા કરે છે.

આ કલિપ્રવેશ અમારી નિશાળને પણ હેરાન કરશે એમ લાગ્યું. માત્ર કેળવણીનો પ્રચાર થઈ શકે, ગામડાનાં ગરીબમાં ગરીબ બાળકો સુધી જ્ઞાન પહોંચી શકે, અને જે ઇષ્ટ સંસ્કારો પરદેશી અંગ્રેજસત્તા પોતે તો કદી લોકો પર પાડનાર જ નથી તે પાડી શકાય, તેના એક સાધન તરીકે જ અમે શાળા ચલાવતા હતા. જે

લોકો કેવળ પોતાની મોટાઈ સ્થાપિત કરવાને ઇરાદે સંસ્થાને કબ્જામાં લેવા માગતા હતા એવાઓના હાથમાં, તેઓ ધનવાન અને એને જ પરિણામે ગામડામાં સત્તાધારી થઈ બેઠા હોય તે પણ, જ્ઞાનદાનનું આ પવિત્ર સાધન અમે શી રીતે જવા દઈ શકીએ ?

અને એ નાનકડા ગામડામાં એક વિચિત્ર જાતનું ઠંડું યુદ્ધ આરંભાયું. એ ઠંડા યુદ્ધમાંથી બહુ ટૂંક મુદતમાં જ અગ્નિના તણખાઓ ઊડવા માંડશે એવો રંગ દેખાવા લાગ્યો. ગામડાંઓમાં હર્ષથી હૈયાં નાચી ઊઠે એવા બનાવો કરતાં અફવાઓનો પાક જ હમેશાં વધુ પાકે છે. એક અગર બીજી વ્યક્તિ રોજરોજ આવીને મને કહી જતી: 'શાળાના વિરોધીઓ ભારે ઊંડા અને ખટપટી છે. તમે સાંજે એકલા દરિયાકિનારે ફરવા જાઓ છો ને છેક અંધારું થયા પછી પાછા આવો છો. એવે વખતે તમને આંતરીને બરાબરનો માર મારવાની યોજના કરવાનું તેઓ નહિ ચૂકે એમ ન માનશો. તે કરતાં છાનામાના એમનું માની જાઓ. કહેવત છે કે ગરજે ગધેડાને કાકો કહેવો પડે !'

'ગધેડાને કાકો કહેવો પડે' એ કહેવતમાં સમાયેલ સત્ય તે કાળે હું સમજતો હતો, અને આજે પચીશ વરસ પસાર થયા પછી તે કરતાં પણ વધુ તીવ્રતાથી હું એ સમજતો થયો છું. છતાં હજુ ય મને લાગે છે કે એ કહેવતમાં સમાયેલ સત્ય આખરે અર્ધ સત્ય છે. એ સંપૂર્ણ સત્ય છે એમ માનીને વર્તવામાં તો માનવીએ ચિરંતન જીવનમૂલ્યોનો વિદ્રોહ કરવા સરખું થાય. ગરજ વેળા દરેક જણ જો ગધેડાને કાકો કહેતા જાય તો દુનિયામાં ગધેડાનું જ રાજ પ્રવર્તે ! પછી ત્યાં 'માનવી' તો શાનો સાંપડે જ ? પછી પ્રગતિને પંથે પળવા ઇચ્છતી દુનિયાએ પૂજ્ય સ્થાને કોને રાખવું ? પોતા સામે કયો આદર્શ રાખવો ?

નાનપણમાં ઘરનાં મોટેરાં અગર તો નિશાળમાં માસ્તરોને હાથે પણ મેં ભાગ્યે જ માર ખાધો હશે. આ કારણે માર ખાવાની કલ્પનામાં મારા મનથી એક નવિનતા હતી. સિવાય અંધારામાં કોઈ વ્યક્તિ પોતા પાછળ છુપાઈને દબાતે પગલે આવી રહી છે, પોતા પર અચાનક તૂટી પડે છે, કોઈ પૌરાણિક અગર તો ઐતિહાસિક વીર પુરુષની પેઠે પોતે તેમનો સામનો કરી રહેલ છે, એ ચિત્ર પણ–સંભવ છે કે જીવનમાં આજ સુધી એક પણ શારીરિક પરાક્રમ દાખવ્યું ન હોવાથી–મને ખૂબ આકર્ષક લાગ્યું.

મેં દરિયાકિનારે ફરવા જવાનો મારો રોજનો ક્રમ ચાલુ જ રાખ્યો. પણ જ્યારે મેં સાંભળ્યું કે વિરોધીઓ નિશાળના મકાનને જ સળગાવી દેવા માગે છે, ત્યારે હું ખૂબ બેચેન બની ગયો. ચકલીનો માળો વીંખી નાખતાં મસ્તીખોર છોકરાને એક મિનિટ પણ લાગતી નથી; જ્યારે એ બિચારીએ એ માળો કેટલી મુશ્કેલીએ બાંધ્યો હોય છે, એમાંની સળીએ સળી ભેગી કરવામાં એણે કેટલો ય વખત ગુમાવ્યો હોય છે, એ માળાના રૂના હરેક પૂમડાને ધાગે ધાગે એનાં કેટલાં ય નાનકડાં સ્વપ્નો અવલંબેલાં હોય છે! મારી દશા એ ચકલીના જેવી જ થઈ હતી. ભણતરને અરધેથી તિલાંજલિ આપીને, ઘરકુટુંબને બાજુએ રાખી, જીવનભર પોતાને માટેની આવશ્યક એવી અનેક સુખસગવડો–સાવ સાદી સુખસગવડો જતી કરવી પડશે એ ડગલે ને પગલે જાણતા છતાં, મારું એક નાનકડું સોણલું સાકાર કરવાને ઈરાદે મેં મારી જાતને એ નાના ગામડામાં કહો કે દાટી દીધી હતી. એનું આખરી પરિણામ શું આ આવશે? સુંદર સ્વપ્નો પાછળ દોડનાર વ્યક્તિને આખરે શું પરાજય અને નિરાશા જ સાંપડે એવો વિધિસંકેત હશે? અગર ધ્યેયવાદ શું એક એવી દીપજ્યોતિ હશે–મોહક તેમ જ દાહક–કે જે સુંદર

નાનકડાં પતંગિયાંઓને ભુલાવામાં નાખે, હસીને પોતાના તરફ આકર્ષે અને નજીક આવતાં જ તેમને બાળીને ભસ્મ કરી દે?

મારું મન મૂંઝાઈ રહ્યું. આટઆટલી મહેનતને અંતે ઊભી કરેલી સરસ્વતી દેવીની—શાળાની ઈમારત કાલ સવારે આ વિઘ્નસંતોષી આતતાયીઓ સાચેસાચ જલાવી દે તો શું થાય? એનો વિચાર—એ કલ્પના પણ મારા માટે અસહ્ય બની ગઈ. એકના એક બાળકના અવસાન જેટલી એ બિના મારે મન ભયંકર બની—એ વેળા હું પરણ્યો નહોતો છતાં આવો વિચાર મારા મગજમાંથી ત્યારે ચમકી ગયો! આ આફતને રોકવી હોય તો મારે માટે બે જ રસ્તા હતા: કાં તો વિરોધીઓને શરણે જવું, અને પાણીમાં રહ્યા છતાં માછલી સાથે વેર ન ચાલે એ સિદ્ધાંત અનુભવે શીખી લેવો! માત્ર વ્યક્તિગત અભિમાન અને અહંકાર પૂરતો જ આ પ્રશ્ન મર્યાદિત હોત તો કદાચ એ માર્ગનો મેં સ્વીકાર પણ કર્યો હોત! પણ એમ કરવા જતાં સમાજને જ નહિ પરંતુ મારી જાતને પણ હું બેવફા બનતો હતો. જે હેતુથી આ બધી જંજાળ મેં વહોરી હતી એ હેતુના **मूले कुठारः** (મૂળમાં જ ઘા મારવા) જેવું થતું હતું! ગામડાની વિશિષ્ટ પરિસ્થિતિને કારણે ત્યાં અનેક નાનાં માનવીઓ પણ પ્રતિષ્ઠિતની કોટિમાં પેસી જાય છે. કોઈ જમીનદાર–તાલુકદાર તરીકે લોકોને દબાવે છે, કોઈ પૈસાદાર હોવાથી બેતાજ બાદશાહ જેવો બની મહાલે છે, કોઈના તાબામાં ગામનું મુખ્ય મંદિર (દેવત) હોય છે તો કોઈ ગામના ગુંડાનો આગેવાન હોય છે! ભૂખતરસ અને કામવાસના જેવો જ સત્તાનો શોખ એ પણ માણસનો એક કુદરતી આવેગ છે એમાં શંકા નથી. આ કારણે ગામડામાં આવી જાતના લોકો ગામની દરેક હિલચાલમાં આગળ પડતો ભાગ લેવા સદા ય ઉત્સુક હોય છે ખરો; પરંતુ એવા લોકો પૈકી

મોટા ભાગને સ્વાર્થત્યાગ, આદર્શવાદ, અગર સામાજિક પ્રગતિની સાથે ખરેખરી કશી લેવાદેવા નથી હોતી. ગામડાંઓની સાર્વજનિક સંસ્થાઓ મારફત જો સાચેસાચ કાંઈ પણ નગદ કામ કરાવવું હોય તો એ બધી સંસ્થાઓ હમેશાં જ કોઈ સ્વાર્થત્યાગી, સ્વતંત્ર વિચારની અને પ્રામાણિક વ્યક્તિઓના હાથમાં જ હોવી જોઈએ, પછી ભલે એવા લોકોની સંખ્યા ખૂબ નાની હોય. આ સવાલ માત્ર પુસ્તકિયા સિદ્ધાંતો અગર તો લોકશાહીનો નથી. આપણે ઘરેઘરમાં, મુસાફરીમાં, વ્યવહારમાં, સામાજિક જીવનમાં, કોઈ સ્થળે લોકશાહીને સંભારતા પણ નથી; આપણા લોહીમાં જ એનાં બીજો નથી. દૈવવાદમાં ઊછરેલા અને ભેદભાવોથી વીંટાયલા સમાજમાં કેવળ સાર્વજનિક જીવનમાં જ લોકશાહી દાખલ કર્યે શો લાભ થાય? આવી લોકશાહીના વરઝોળા મ્યુનિસિપાલિટી જેવી જાહેર લોકસંસ્થાઓમાં આજે સ્વરાજ મળ્યા પછી પણ હરઘડી કેવા બને છે તે આપણે રોજ જોઈએ છીએ. આજથી પચીશ વરસ પહેલાં તો એ પરિસ્થિતિ એથી ય વધારે ભયંકર હતી!

ગામના કહેવાતા પ્રતિષ્ઠિત આગેવાનોની મોજ ખાતર મહામહેનતે ઊભી કરેલી શાળા ધૂળમાં મળી જતી હું કોઈ રીતે જોઈ શકું તેમ નહોતું. તેમ એ સંસ્થા ગુપચુપ તેમને સોંપી દેવાનું પણ એટલું જ મુશ્કેલ હતું. એ પરિસ્થિતિમાં ગામ છોડીને ચાલ્યા જવાનો એક જ રસ્તો મારે માટે ખુલ્લો છે એમ મને જણાયું. એમ કરવામાં એક જાતની પીછેહઠ—ખરે ટાણે નાસી જવા જેવું અવશ્ય હતું એ હું બરાબર સમજી શકતો હતો. પરંતુ—

રોજ સાંજે હું દરિયાકિનારે એકલો ફરવા જતો, ને શો રસ્તો કાઢવો તેનો વિચાર કર્યા કરતો. મહાન કવિઓ અને વાર્તાલેખકો પ્રેમભંગનાં વર્ણનો કરવામાં જ પોતાની સઘળી શક્તિ—સમગ્ર

પ્રતિભા શા માટે વાપરી દેતા હશે એ મને સમજાતું નહોતું. કદાચ ને પ્રેમભંગનો જાતઅનુભવ ન હોવાને કારણે પણ હોય, પણ મને એમ લાગ્યું કે પ્રેમભંગ કરતાં પણ આદર્શ તૂટી પડતો દેખાય તેનું –ભગ્ન ધ્યેયનું દુઃખ અધિકતર છે. મૃગજળ પાછળ દોડનારા અને એમ દોડતાં દોડતાં છાતી ફાટી જઈ મૃત્યુને ભેટનારા હરિણબાલ વિના બીજું કોઈ એનું સાચું વર્ણન આપી ન જ શકે!

મનથી એવી મૂંઝાયેલી દશામાં કદાચ ને શાળા છોડીને હું ક્યાંઈક જતો પણ રહ્યો હોત. ચલવિચલ થયેલી મારી મનોવૃત્તિનું સમતોલ-પણું એ કાળે એક નાનકડા પ્રસંગને કારણે જળવાઈ રહ્યું! કેવળ ત્રણ શબ્દોના સવાલે એ સમતુલા જાળવી લીધી એમ જ કહી શકાય. એક મારો વહાલો વિદ્યાર્થી મેટ્રિક પાસ થઈ કૉલેજમાં અભ્યાસ કરવા સારુ સાંગલી ગયો હતો. ત્યાં એ ટાઇફૉઇડના ભયંકર વ્યાધિમાં સપડાયો. એના પિતા, ભાઈ, વગેરે સંબંધીઓ એની ચાકરી માટે ત્યાં પહોંચ્યા. કોઈ રીતે એની માંદગીનું જોર ઓછું થતું નહોતું. આખરે એક દહાડો એની બા ઉપર તાર આવ્યો: "જલદી આવી પહોંચો." બા ત્યાં પહોંચી.

એ તારનો અર્થ તો ચોખ્ખો જ હતો. બીજા ચાર દહાડા પસાર થયા અને આખું મંડળ આંસુભીની આંખે પાછું ફર્યું. એમાંથી એક જણે પેલા વિદ્યાર્થીની બા એની પથારી પાસે પહોંચી તે વેળાનો પ્રસંગ મને કહી સંભળાવ્યો. બા ત્યાં પહોંચે એ પહેલાં જ વિદ્યાર્થીને સનેપાત ઊપડ્યો હતો; વચ્ચે વચ્ચે એ શુદ્ધિમાં આવતો અને તે વેળા આતુરતાભરી નજરે ચોતરફ એકઠા થયેલા લોકો સામે જોઈ લેતો, અને નિરાશ બની આંખો મીચી જતો. બાના પહોંચ્યા પછી એ એની સામે શાંતિભરી તૃપ્ત નજરે જોઈ રહ્યો અને પછી તેને જ પૂછ્યું: "માસ્તરસાહેબ આવ્યા?" એની બાની સાથે

જ ત્યાં પહોંચવાની એ મારી પણ રાહ જોતો હતો! સનેપાત જેવી સ્થિતિમાં પણ એના દિલમાં મારા જ વિચારો આવ્યા કરતા હતા એ સાંભળીને મારું હૈયું ભરાઈ આવ્યું. એના એ ત્રણ શબ્દોના સવાલમાં જાણે ત્રિલોકનું સામર્થ્ય સમાયું છે એમ મને લાગ્યું. જે નિશાળ દ્વારા હું વિદ્યાર્થીઓની આટલો નજીક પહોંચી શક્યો હતો, એમનો પ્રેમ મેળવી શક્યો હતો, એમના પર સંસ્કારો પાડી શક્યો હતો, એ જ શાળાને છોડીને મારે ચાલી નીકળવું? અને તે શા ખાતર? તો કે જૂઠી પ્રતિષ્ઠા અને ખોટાં જીવનમૂલ્યોની પાછળ દોડનારા બેચાર કહેવાતા મોટા માણસોને એવી મોજ થઈ આવી તે માટે? અશક્ય! એમાં તો કેવળ નામર્દાઈ જ ગણાય. સામનો કરવો એ જ ધ્યેયવાદની ફરજ હોઈ શકે–હોવી જોઈએ. સફળતા મળે યા નાસીપાસ થવું પડે, પોતાનું સ્થાન છોડવું નહિ, હાથમાં ઊંચકેલો ઝંડો નીચે પડવા દેવો નહિ, એવી જ વૃત્તિ એણે રાખવી જોઈએ.

આ નાનકડા પ્રસંગને લીધે–મારા એ વહાલા વિદ્યાર્થીએ મરણપથારીએ પડચાં પડચાં પૂછેલા પેલા ત્રણ જ શબ્દના નાનકડા સવાલે મારા ઢચુપચુ થતા મનને સ્થિરતા આપી. મેં ગામ છોડયું નહિ; મારા સિદ્ધાંતોમાં મચક આપી નહિ; મારી કાર્યરીતિમાં જરા ય નમતું જોખ્યું નહિ; આમાંનું કોઈ પગલું મેં ન જ લીધું.

નિશાળ વિરુદ્ધ ઊઠેલું એ તોફાન–એ વાવાઝોડું થોડા દિવસો સુધી તો ઘૂઘવ્યા કર્યું; પણ પછી આપોઆપ ધીરે ધીરે શમી ગયું. એ કાળે જાહેરજીવનમાં હું સાવ નવો–અજાણ હતો, એટલે એક સત્ય હું બહુ મોડેથી જોઈ શક્યો: જાહેરજીવનને આપણે કોઈ મહાસાગર કલ્પીએ છીએ, પણ ખરું જોતાં એ એક ચાનો કપ જ છે–કદાચ ને બહુ વિશાળ કપ છે. એથી જે તોફાનોને આપણે મહાસાગરનાં વાવાઝોડાં કલ્પીને ડરીએ છીએ તે મોટે ભાગે તો

ચાના કપમાં થતાં તોફાનો જ નીવડે છે !

૪

'મારી શાળા'વાળી વાર્તાની હકીકત પરથી આ સંગ્રહમાંહેની અનેક વાર્તાઓ મારા જીવનમાંથી જ કઈ રીતે સ્ફુરી છે, એ પ્રસંગો અગર ભાવનાઓમાંથી મને મળેલ સુવાસ વાચકો સુધી પહોંચાડવાનું કામ મેં કઈ રીતે કર્યું છે, એનો આછો ખ્યાલ આવી શકશે. 'ન ભોંકાયેલી શૂળો'માં આવતી ઓરમાન માતા મને આ જ રીતે મળી આવી છે; 'એ છેડા'વાળી વાર્તા ૧૯૩૦ના શિરોડાના મીઠાના સત્યાગ્રહ વખતે આ જ રીતે બની ગયેલી છે; 'જૂનો કોટ' માંહેનો રૂપિયો પ્રામાણિક રીતે પાછો આપી જનારો ખ્રિસ્તી છોકરો અત્યારે પણ મારી આંખ સામે ખડો થાય છે !

આ સઘળા ઉત્કટ ભાવનાભર્યા પ્રસંગોને—પળોને મેં વાર્તા રૂપે ચીતરી ન હોત તો કદાચ ને મને તે આજે સાંભરત પણ નહિ. માનવીની સ્મરણશક્તિ કોઈ અજબ તરેહની છે. જેટલી ચીવટભરી નોંધ એ દુઃખોની રાખે છે તેટલી નોંધ એ સુખદ પ્રસંગોની નથી રાખતી. અમૃતના પ્યાલાની માધુરી એની જીભ ઉપર લાંબો સમય ટકતી નથી; માત્ર વિષના પ્યાલાની દાહકતા જ એ કદી ભૂલી શકતી નથી !

અને દુર્ભાગ્યે જીવન પ્રત્યે જોવાની આ જ દૃષ્ટિ આજે વધુ જોરદાર, વધુ પ્રભાવી થતી જોઈએ છીએ. બીજા વિશ્વયુદ્ધને કારણે—એમાં વ્યક્ત થયેલી પશુતાને કારણે—એમાંથી પેદા થયેલી હરેક જાતની તંગીને લીધે—માનવીનો માણસાઈ પરથી જાણે કે વિશ્વાસ ઊઠી જતો હોય એમ આપણને લાગે છે. આજે માણસને એમ લાગે છે કે સંસ્કારિતા એ કેવળ બહારથી ઓઢવાનો અંચળો માત્ર

છે; અને આપણા દેશમાં તો આ ભાન વધારે તીવ્રતાથી થતું દેખાય છે. સાહિત્ય ઉપર જાણે અજાણે એની અસર પડતી જાય છે. વિકૃતિ અને વિફળતાનાં જ જાણે કે માનવી જીવન પર સામ્રાજ્ય પથરાયાં હોય એવા સૂર અનેકોના લખાણમાંથી નીકળતા સંભળાય છે.

મને લાગે છે કે ગાંધીજી માને છે તેટલો માનવી સજ્જન અને સંસ્કારી પણ નથી, તેમ જેમ કેટલાક સાહિત્યકારો છેલ્લાં દશ વર્ષમાં નજર આવતું માનવીનું દર્શન એ જ સાચું માનીને તે જ ચીતરે છે તેટલો એ વિકૃત પણ નથી. માનવી ખરું જોતાં દુષ્ટ ઓછો છે, પણ તે મૂરખ છે. પોતાનામાં અમર આત્માનો વાસ છે એવું ભાન તેને અવારનવાર થઈ આવે છે ખરું; પણ સાચું કહીએ તો તે શરીરનો ગુલામ છે. સામે પૂર તરવાની તાકાત તેનામાં નથી. પરિણામે યંત્રયુગે સરજેલી અને ગયા વિશ્વયુદ્ધે વધુ ભયંકર કરી મૂકેલી પરિસ્થિતિ સાથે તે તણાયે જાય છે. એ બધું ખરું છે; તોપણ મેઘાડંબરથી ઘનઘોર બનેલા આકાશમાં જેમ વીજળી ઝબકી જાય છે, તેમ આવી વિષમ પરિસ્થિતિમાં પણ માણસની માણસાઈ પ્રગટ થયા વિના રહેતી નથી. ભલે તે હરઘડીએ નજરે ન આવતી હોય; પણ જ્યારે એનું દર્શન થાય છે ત્યારે તો પુષ્પોના પરિમલથી જેમ મગજ પ્રસન્ન અને તૃપ્ત બની જાય તેવી દશા આપણે અનુભવીએ છીએ. આત્મતેજની એ આછી શી ઝાંખી માત્રથી આપણે કોઈ નવી જ સૃષ્ટિમાં પ્રવેશ પામીએ છીએ. એ સૃષ્ટિમાં માણસાઈનાં સઘળાં સ્વપ્નો—એનાં સફળ ન નીવડેલાં સ્વપ્નો અર્ધ ઊઘડેલી કળીઓ પ્રમાણે ખીલતાં આપણે જોઈ શકીએ છીએ. આજ કાલના આપણા ગદ્ય (જડ) જીવનમાં કાવ્યનું ભાન (ચેતનકિરણ) આપણને ત્યાં થાય છે. માનવીના રોજબરોજના જીવન રૂપી ધૂળના ઢગલામાં

છુપાયેલા સુવર્ણકણો ત્યાં આપણે દેખી શકીએ છીએ. એ મહામૂલ્ય કણિકાઓ વાચકોને પણ ભેટ ધરવાની સાહિત્યકારની એક મુખ્ય ફરજ છે, એનો પરમ ધર્મ છે, એમ હું શ્રદ્ધાપૂર્વક માનું છું. એ ફરજ બજાવવામાં મને થોડી ઘણી પણ સફળતા મળી છે કે કેમ એનો નિર્ણય કરવાનું આ સંગ્રહના વાચકો ઉપર જ હું છોડી દઉં છું.

કોલ્હાપુર
૧૨-૮-૫૧

વિ. સ. ખાંડેકર

# મારી શાળા

સામે જ શાંત સાગર હાસ્ય વેરી રહ્યો હતો; પરંતુ કાંઠે રેતીના પટમાં બેઠેલા વિનાયકરાવ માસ્તરના દિલમાં ભારે તોફાન મચી રહ્યું હતું. આકાશનો લાંબો પ્રવાસ ખેડીને લાલ બનેલો સૂર્ય પોતાનો તાપ શમાવવા અર્થે સાગરમાં ડૂબકી દેવા તૈયાર થયો હતો; અને એથી માસ્તરની નજર સામે પથરાયેલ પાણી જો કે કેસર-વર્ણું બન્યું હતું, છતાં તેમના હૃદયમાં તો અત્યારે અંધકાર વ્યાપી ગયો હતો. એ અંધારપટ ઉપર તેમને પોતાના ગત જીવનનું અગિયાર વરસનું ચિત્રપટ દેખાતું હતું. ખળખળ કરતાં હાસ્ય વેરતાં મોજાંઓ, દૂરદૂર ઊડી રહેલા એના જલતુષારો અને ધીરે ધીરે વહી રહેલી અનિલલહરીના મુગ્ધમધુર સંગીત પ્રત્યે એમનું ધ્યાન નહોતું; એક પછી એક ઝપાટાભેર બદલાતાં જતાં પૂર્વ જીવનનાં અનેક દૃશ્યો નીરખવામાં તેઓ તલ્લીન બન્યા હતા.

પહેલું દૃશ્ય લગભગ અગિયાર વરસ પહેલાંના પ્રસંગનું હતું. બી.એ. પાસ થયાના હર્ષમાં સગાંવહાલાં અને પડોશીઓમાં પેંડા વહેંચ્યા ત્યારે દરેક જણે જાતજાતના સવાલો પૂછેલા: 'કેમ, હવે વકીલ થવું છે ના?' 'સરકારી નોકરીમાં જોડાશો તો દસ વરસે આ અમારા જ તાલુકામાં પાછા મામલતદાર બનીને જરૂર આવવાના; તો પછી અત્યારથી જ તમને રાવસાહેબ કહેવા માંડીએ તો?' અને એવા દરેક સવાલ અંતરમાં રચાતાં રમ્ય સ્વપ્નાંઓરૂપે ગલીપચી કરતા હતા. માથે ચકરી પાઘડી ચડાવી છે, મજેનો નાનો

બંગલો છે અને પટાવાળો સામે સલામ ભરી રહ્યો છે, એવાં એવાં સ્વપ્નાંથી હૈયું પુલકિત પણ થયેલું. પરંતુ—

સ્વપ્ન ઊડી જતાં જાગ્રત અવસ્થા આવતી; હજુ ત્રણ જ મહિના પહેલાં ભારે હૈયે પોતાના માતૃવિદ્યાલયની વિદાય લીધી હતી: પિયરથી સાસરે જતી નવવધૂના હૈયામાં શાં તોફાનો જાગતાં હશે એનો એ વેળા અનુભવ થયેલો. એ દશ્ય–શિક્ષણની માતૃસંસ્થાનું ચિત્ર નજર સામે ખડું થતાં જ અંદરથી જાણે રેંગલર પરાંજપે, પ્રો. હરિભાઉ લિમયે અને પ્રો. વાસુદેવરાવ પટવર્ધનના જાણે એકીસાથે પ્રશ્નો ઊઠતા સંભળાયા: 'વિનાયક! તું કાંઈ ગાંડો તો નથી થયો? આજ ચાર ચાર વરસ સુધી તેં આ સિંહણનું દૂધ પીધું, તે શું ઘેટાંબકરાંની પેઠે નોકરીને રસ્તે ચઢવા પીધું હતું? ટિળક, આગરકર કે ગોખલે શું કોઈ હાઈકોર્ટના ન્યાયાધીશ, કોઈ રાજ્યના દીવાન અગર તો કોઈ સરકારી કૉલેજના પ્રિન્સીપાલ થઈ શકયા ન હોત એમ તને લાગે છે? એ ગાલીચાની બિછાયતવાળો રસ્તો છોડીને તેમણે આ કાંટાળો માર્ગ પસંદ કર્યો તે તું નથી જાણતો શું? ગુરુની પવિત્ર પરંપરા સતત ચાલુ રાખ્યા વિના શિષ્યને એ વિદ્યાદાનના ઋણમાંથી મુક્તિ નથી મળી શકતી. ડુંગરમથાળે જે વર્ષાધારાઓ રેડાય છે, તે માત્ર એના પૃષ્ઠભાગ પરનાં જંગલો લીલાં રહે તે માટે નથી રેડાતી; એની તળેટીમાં પથરાયેલ પ્રદેશને વધારે સમૃદ્ધ કરવામાં એનો ઉપયોગ થાય છે. તારો શો વિચાર છે? નોકરીની શૃંખલા પગે ખખડાવવી છે કે ભાવિ પેઢીના શિક્ષણકાર્યનો ઝંડો ફરકાવવા ગર્વભેર તું આગળ આવવાનો છે? ફરગ્યુસન કૉલેજનો વિદ્યાર્થી જો માત્ર સુખ અપાવે તેવી નોકરી શોધવામાં મશગૂલ બની જશે તો એ કૉલેજના વિસ્તારની આસપાસ અહોરાત્ર જાગૃત ચોકી કરનાર આપટેઆગરકર વગેરેના આત્માઓને કેટલું દુઃખ થશે?'

સુખશાંતિની મોહક તંદ્રામાં ઘેરાયેલ આંખોનાં પડળ આ તીક્ષ્ણ સવાલોની અંજનશલાકાએ વિખેરી નાખ્યાં. ને પોતાના જ ગામમાં અંગ્રેજી કેળવણીની જે ઊણપ હતી તે દૂર કરવાનો દૃઢ નિશ્ચય પોતે કરી લીધો.

એ દશ્ય પૂરું થતાં જ બીજું દશ્ય દેખાયું.

અંગ્રેજી ત્રણ ધોરણની શાળા પોતે ચાલુ કરી દીધી છે. પહેલે જ દિવસે શાળામાં ૨૦-૨૫ વિદ્યાર્થીઓ દાખલ થયા છે. જે વિદ્યાર્થીને પોતે પહેલવહેલો સવાલ પૂછ્યો તેનું નામ રાજાધ્યક્ષ હતું. તુરત સાંભરી આવ્યું કે આ રાજાધ્યક્ષ શબ્દ ઉપર તો પોતે શ્લેષ પણ કરેલો. આ શબ્દમાં જૂની પદ્ધતિનો રાજા પણ છે અને નવી રાજ્યપ્રણાલિકાનો અધ્યક્ષ પણ આવે છે. એ રાજાધ્યક્ષ અટકવાળા વિદ્યાર્થીનું પોતાનું નામ શું હતું? હા, ઘણું કરીને મધુ જ હતું—મધુસૂદન જ. તે સાથે વર્ગમાં એક બીજો મધુકર નામે જરા તોફાની છોકરો હતો તે પણ સાંભરી આવ્યો. મધુ એટલે મદ્ય—દારૂ એવો અર્થ ઘટાવી પોતે કહેલું : 'આપણા દેશમાં મધુકરની જરૂર નથી; આપણે તો મધુસૂદન જ જોઈએ!'

આ મધુ રાજાધ્યક્ષ તાલુકાની અંગ્રેજી હાઇસ્કૂલ છોડીને પોતાની શાળામાં ભણવા આવ્યો હતો. તેને પોતે પૂછેલું : 'કેમ ભાઈ! તમે અહીં કેમ આવ્યા?' તુરત તેણે જવાબ આપેલો : 'આ મારી શાળા છે માટે!'

'મારી શાળા!' એ બે શબ્દોમાં કેટલું સુંદર કાવ્ય સમાયું હતું!

વિચારચક્ર આગળ ચાલ્યું.

અત્યારે મધુ બી.એ.ના વર્ગમાં હોવો જોઈએ. એના પિતાની બદલી થવાથી છઠ્ઠી અંગ્રેજીમાંથી એને આ નિશાળ છોડીને બીજે જવું પડેલું. ત્યાર પછી તે હજુ એકે ય વાર મળ્યો નથી. પણ

'મારી શાળા!'વાળા સ્ફૂર્તિદાયક શબ્દો હજુ પોતે વીસરેલ નથી.

આ દૃશ્યની પાછળ એક પછી એક અનેક નાનાં દૃશ્યો વંટોળિયામાં ખડનાં તણખલાં ઊડ્યાં જાય તેમ વિનાયકરાવની આંતર ચક્ષુઓ સામેથી પસાર થઈ ગયાં. પોતાની સાથે ભણનારાઓ પૈકી કોઈ અવલ કારકુન બન્યા. કોઈ ઇન્સ્પેક્ટર બન્યા, તો કોઈ વકીલાત કરતા થયા. મુસાફરીમાં એમાંથી કોઈનો ભેટો થઈ જાય તો સેકંડ ક્લાસમાં બેઠો હોય, જ્યારે પોતાને તો ત્રીજા વર્ગનું જ ખાનું શોધવાનું હોય! એમાંનો કોઈ ગામમાં આવી ચડે તો એનો સત્કાર કરવા – એનું આદરાતિથ્ય કરવા ગામના પ્રતિષ્ઠિત લોકો ખડેપગે તૈયાર થાય, જ્યારે પોતે તલ ફાટે તેવા તાવે સમસમતો પડ્યો હોય તો પાણીનું પાવળું પાવા પણ કોઈ ડોકાય નહિ! આ અને આવી અનેક બાબતો અંગે મનમાં કશું દુઃખ માન્યા વિના શાળાનો વિકાસ કરવા પોતે પ્રાણ પાથર્યા. ધૂમકેતુની પૂંછડી જોવાની ઉત્કંઠાથી લોકો એને જોવા કદીક દોડી જાય, તોપણ આખરે ઝંખો છતાં ધ્રુવ તારો જ નિશ્ચળ છે એમ ગણીને મન મનાવ્યું. શાળામાં ત્રણમાંથી પાંચ ધોરણ થયાં અને પાંચમાંથી આખરે સાત સુધી વર્ગો ખોલ્યા. પણ નિશાળમાં વર્ગોની સંખ્યા વધી તે સાથે તેના શત્રુઓની સંખ્યા પણ ઉભરાતી ચાલી. એક માથાભારે માણસને ત્યાં મફત ટ્યૂશન આપવા જવાની ના પાડી એમાં એ છેડાઈ પડ્યો અને એણે નિશાળ સામે મોરચા બાંધ્યા; નિશાળમાં કલેક્ટર આવેલા ત્યારે તેમની સાથે પોતાને પણ ફૂલહાર ન મળ્યાં તે માટે નારાજ થયેલ ગામનો શેઠ, વાપરેલું પગલૂછણું શાળાને ભેટ આપ્યાની નોંધ અહેવાલમાં ઉપકાર સાથે ન કરવા બદલ ક્રોધે ભરાયેલો ગામનો જમીનદાર, વગેરે ગામના ગુંડાઓ એની સાથે જોડાયા. અને એમ બળતામાં ઘી હોમાયા કર્યું. આખરે એ અગ્નિ?—

એ આખરી દૃશ્ય જોતાં જોતાં વિનાયકરાવને શરીરે રોમાંચ થઈ આવ્યો. એ દહાડા પહેલાં જ વેરભાવે કોઈએ શાળાને આગ ચાંપેલી. પોતે અને શાળાના વિદ્યાર્થીઓએ મળીને એ આગ બુઝાવી તો દીધી; પરંતુ એ અગ્નિમાં વિનાયકરાવનું અંતઃકરણ બળીને ખાખ થઈ ગયું! સાગરની શીતલ વાયુલહરીઓ છતાં એ આગના સ્મરણ-માત્રથી વિનાયકરાવનું અંતર પ્રજળી ઊઠયું. એમનો સંતપ્ત આત્મા કહેવા લાગ્યો : 'આવા કૃતઘ્નીઓ ખાતર તેં તારા લોહીનું પાણી કર્યું, પણ એ બધું ફોગટ છે! એ લોકોનાં બાળકોમાં તેં ભલે શિક્ષણરૂપી અમૃતજળ સીંચ્યું હોય; તેઓ તો તારે વિષે વાત કરતી વેળા હળાહળ વિષ જ વરસાવી રહ્યા છે. માતા સરસ્વતીદેવીનો વરદ હસ્ત ગામ આખાને શુભ આશીર્વાદ આપે તે ખાતર તેં આકાશ-પાતાળ એક કર્યાં ખરાં, પરંતુ ગામલોકોએ તો તારે પગે મણ-મણની બેડીઓ પહેરાવી તને પછાડવામાં ખામી નથી રાખી. દૂધ પાઈને સાપ ઉછેરવાની મૂર્ખાઈ શા માટે કરે છે? ફાવે તો એ દૂધ નિનકહલાલ કૂતરાને પાઈ દે, જાતે પી જા, અગર ઢોળી નાખ. ભલો થઈ આ શાળાનો મોહ હવે તું છોડી દે! તારે રસ્તે પડ. પાટું મારીને ગમે ત્યાં પાણી કાઢવાની તારામાં ભરપૂર તાકાત છે, તો તું અહીં શીદ ને પડયો રહ્યો છે?'

વિનાયકરાવના ઝોલે ચડેલા મનને પણ આ વિચારોએ થથરાવી દીધું! પરંતુ લોકોના કૃતઘ્નીપણાને લીધે ક્ષુબ્ધ બનેલા તેના અંત-રને શાંતિ પમાડનાર એક પણ સ્નેહનું ટીપું તેને ક્યાંયથી સાંપડતું નહોતું. હવે ભવિષ્યમાં શાળા ચલાવવી કે બંધ કરી દેવી એ વિચા-રને ચકરાવે છેલ્લા બે દિવસથી તેમનું મન ચડયું હતું. 'જે લોકોએ બે દહાડા પહેલાં નિશાળને આગ ચાંપી હતી, તેઓ વળી પાછા કાલે ઊઠીને નિશાળના શિક્ષકોને પણ નહિ મારે એની શી ખાતરી?

ખરી વાત એ છે કે નિશાળ બંધ ન થાય ત્યાં સુધી આ લોકોને નિશાળની સાચી જરૂરિયાત સમજાવાની જ નથી! આપણે વળી એમ માનશું કે દસ વરસ સુધી અંધારામાં રહી કાળમીંઢ પથ્થરની શિલાઓ પર જ વાવેતર કરેલું!'

પણ પોતે જ સ્થાપેલી અને પોતાના જ લોહીનું પાણી કરી ઉછેરેલી–વિકસાવેલી સંસ્થાને જાતે થઈને તાળાં મારવાં એ પોતાના વહાલા બાળકના મૃતદેહને અગ્નિદાહ દેવા સરખું વિકટ કાર્ય હતું. એ વિકટ માર્ગે આગળ વધવાની હિંમત વિનાયકરાવ કરી શકતા નહોતા. એક ઊંડો નિસાસો નાખી તેમણે સાગરનાં ઊછળતાં મોજાં સામે નજર માંડી. ઘડી પહેલાં તેમણે ત્યાં એક રેતીનું ઘર બાંધેલું; અત્યારે આગળ વધતાં મોજાંઓએ એનો વિનાશ કરી દીધો હતો. તેમને વિચાર આવ્યો: માનવીના મનોરથો પણ પેલા રેતીના ઘર જેવા જ નથી શું? વિધાતારૂપી મોજાંની કૂચકદમ આગળ કોઈનું જ કશું ચાલતું નથી! એટલે હવે ખોટું અભિમાન રાખીને આ ગામને વળગી રહેવામાં શાણપણ ક્યાં રહ્યું? આવતા જૂન મહિનાથી નિશાળને તાળાં મારી દેવાં અને ગામને આખરી રામરામ કરવા એ જ છેવટનો નિર્ણય! બહેરા પાસે ગાણું ગાનારનું આખરે પોતાનું જ ગળું સુકાઈ જાય છે!

વિનાયકરાવે ખિસ્સામાંથી કાગળપેન્સીલ કાઢ્યાં; પળે પળે ઝાંખા બનતા ક્ષીણ સંધ્યાપ્રકાશમાં તેમણે નિશાળ બંધ કરવા અંગેના સહકાર્યકર્તાઓને ઉદ્દેશીને લખવાના પત્રનો નમૂનો ઘડી કાઢ્યો. તેમણે ઊંચે જોયું. આથમના સૂર્યનો આછો સંધ્યાપ્રકાશ શાળાના મૃત્યુપત્રનું જાણે પ્રતીક હોય તેમ લાગ્યું. 'આ કાગળમાં મારા દસ વરસના અનેક મનોરથો માટીમાં મળ્યાનું જ દશ્ય સાંપડવાનું છે!' એમ બડબડતા શીતળ શરીર અને બળતા હૈયા સાથે વિનાયક-

રાવે ઘરનો માર્ગ લીધો.

*　　　*　　　*

ઘેર પહોંચે છે ત્યાં તો કોઈનો તાર આવીને પડચો હતો. ગામના ખટપટી માણસોએ કેળવણી ખાતામાં કેટલીએક સાચી-ખોટી અરજીઓ શાળા વિરુદ્ધ કરી હતી; એ અંગે જ આ તાર હશે એવી કુશંકા પડેલાં તો તેમના દિલને ઘડીભર ચાટી ગઈ. ધ્રૂજતે હાથે તેમણે તારનું પાકીટ તોડયું. અંદર લખાણ હતું—"મધુ બહુ જ માંદો છે. જલદી આવી પહોંચો—રાજાધ્યક્ષ."

તાર મહેની હકીકત પરથી તેમણે જોયું કે સાંજે પોતાને જે વિદ્યાર્થી મધુ રાજાધ્યક્ષ સાંભર્યો હતો તે જ આ મધુ હતો. પણ એના પિતા પોતાને શા માટે બોલાવતા હશે એનું કારણ તેમને જડયું નહિ. પોતે કાંઈ વિલાયતથી એમ.ડી.ની ડિગ્રી લઈ આવેલ કોઈ ડોક્ટર નથી કે પથારીવશ મધુને માટે એના પિતા તારથી તેડાવે! વિનાયકરાવ મૂંઝવણમાં પડ્યા. પણ વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ વરસાવતું તેમનું મન તેમને ચૂપ રહેવા દે તેમ નહોતું. નિશાળના કામકાજ અંગે ત્રણચાર દિવસની જરૂરી ગોઠવણ કરી તેઓ રાજાધ્યક્ષને ત્યાં જવા ઊપડ્યા.

*　　　*　　　*

બેભાનીમાં મધુ તો બકચા કરતો હતો. પથારીની એક બાજુ તેના પિતા અને બીજી બાજુ તુરતમાં આવી પહોંચેલા વિનાયકરાવ બેઠા હતા. મધુનો બકવાદ ચલુ હતો.

"To be or not to be...! The quality of mercy...આ કાવ્યો વિનાયકરાવ માસ્તર અમને કેવાં સરસ રીતે સમજાવતા! નહિતર જોઈ લ્યો અમારા પ્રોફેસર મોને સાહેબ! અમારા વિનાયકરાવ માસ્તરની તો તોલે ય એ આવી ન શકે!...

અને સંસ્કૃત તો બસ વિનાયકરાવ માસ્તરે જ ભણાવવું; બીજા બધા ફૂચા! બોલો, કેટલા શ્લોકો કડકડાટ બોલી જાઉં? હજાર, બે હજાર, કેટલા? ને વળી અર્થ સાથે હોં!...ને જોઈ લ્યો અમારા કોલેજના બધા પ્રોફેસરો! વરસોવરસ એની એ જ ઘરેડ!"

બકવાદમાં ઉચ્ચારાયલાં મધુનાં એ વેણ સાંભળતાં સાંભળતાં વિનાયકરાવની આંખો આંસુભીની થઈ. મધુ તો બબડ્યે જ જતો હતો. તાજેતરમાં આપેલી બી.એ.ની પરીક્ષાના અંગ્રેજી પેરેગ્રાફ કડકડાટ બોલી જતો હતો, તો વચ્ચે વળી એકાદ ભાષણ કર્યા જેવું કરતો હતો. આખરે વળી પાછો મૂળ વિષય પર આવ્યો.

"હેં? શું કહ્યું તેં બા? મારે વકીલ થવું એમ? પણ બા! હું નાનો હતો ત્યારથી તું તો એમ જ કહેતી આવી છે કે કદી પણ જૂઠું ન બોલવું; અને આજે હવે વકીલ થવાની વાત તું જ કાં કરે? વિનાયકરાવ માસ્તરનો શિષ્ય માત્ર પૈસા પાછળ કદી પણ ગાંડો નહિ થાય! નહિ, એ નહિ જ બને! હું માસ્તર જ થવાનો! ને તે પણ **વિનાયકરાવ માસ્તરની નિશાળમાં જ માસ્તર થઈશ!** તેમણે અમને ભણાવ્યું છે: Not failure but low aim is a crime!

**घन तिमिराहुनि चमक विजेची विरल बरी क्षणभरी**
**हृदया उच्च ध्येय मनिं धरीं ॥"***

મધુ પોતાના ખડા અવાજે આ કવિતાનું ચરણ વારંવાર બબડતો જતો હતો અને હાથના તાલ દેતો જતો હતો! વિનાયકરાવનું હૈયું એ દૃશ્ય દેખી ભરાઈ આવ્યું. તેમને થયું, પોતે કરેલું વાવેતર કાળમીંઢ શિલા પર નથી, પરંતુ નંદનવનમાં જ થયું છે! પોતે પાયેલું

---

* ગાઢ અંધકાર કરતાં પળવારને માટેનો પણ વીજળીનો આછો ચમકારો વધારે સારો છે; હે મન! કોઈ ઉચ્ચ આદર્શને જ મનમાં ધારણ કરી રાખજે.

દૂધ ભલે થોડુંઘણું સાપને મોંએ ગયું હોય, પણ એના કેટલાએક ભાગે ગરુડનાં બચ્ચાંઓને પણ પોષણ આપ્યું છે. પટાવાળાઓ અગર ગામના પ્રતિષ્ઠિત કહેવાતા લોકો પર પોતાની છાપ ભલે ન પડી હોય, પરંતુ યુવાનોનાં હૈયાંમાં પોતાને અવશ્ય સ્થાન મળ્યું છે! વિનાયકરાવનું સહૃદય હૈયું ઊછળી રહ્યું. આવેગભર્યું તેમનું મન બોલી ઊઠ્યું : 'શાળા બંધ કરું? શા માટે? આ મધુ સરખા વિદ્યાર્થીના દિલને સાચે માર્ગે ન દોરતાં ક્યાંઈક જઈ લક્ષ્મીના ભંડાર ખડકવા અને સાપ થઈ તેને માથે બેસવા હું જાઉં? અશક્ય! એ નહિ બને! ગીતાજીને ફેંકી દઈને પાઈ-પૈસાના હિસાબનાં પોથાં વીંખવા કોણ જાય?'

આંખે ઉભરાઈ આવેલાં આંસુ તેમણે લૂછી નાખ્યાં. મધુના પિતાએ એમ માન્યું કે પોતાના વહાલા વિદ્યાર્થી મધુની આવી દશા જોઈ તેમનું હૃદય દ્રવી ઊઠ્યું છે. ત્યાં તો વિનાયકરાવે ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો, અને તેને ફાડવા માંડ્યો.

ભ્રમિત અવસ્થામાં પણ વચ્ચે વચ્ચે મધુ શુદ્ધિમાં આવતો હતો. આ ક્ષણે એ જ રીતે એ ભાનમાં આવી ગયો. વિનાયકરાવને બાજુમાં બેઠેલા જોઈ તેણે ઊઠવાની મહેનત કરી, પણ એ વૃથા છે એમ જણાતાં આદરપૂર્વક તેણે હાથ જોડ્યા અને કહ્યું : 'માસ્તર સાહેબ! તમે ક્યારે આવ્યા? ને આ ટુકડા શાના કરો છો?'

માસ્તરે શાંત ચિત્તે જવાબ આપ્યો : 'ભાઈ! આપણી શાળાની આડે આવી પડેલી એક મોટી શિલાને દૂર હઠાવું છું. બંધ કરવા ધારેલી આપણી શાળા અવિરત ચાલ્યા કરે માટે આ કાગળના ફાડીને ટુકડા કરું છું!'

* * *

ગામના ગુંડા અને માથાભારે લોકોએ તો એમ જ માન્યું

# કન્યાદાન

'પ્યારી ગુલાબ! તારા મગજમાંથી આ ધૂન ક્યારે જશે? નામવર બાદશાહ ઔરંગઝેબ તો આ મરાઠાઓને સેતાનનો અવતાર લેખે છે. એ સેતાનોના દેશમાં દાખલ થયા પછી તારા શરીરમાં અહીંનો કોઈ જન તો ભરાયો નથી ના?' હોકાની લાંબી નળીમાંથી ધુમાડાના ગોટેગોટ ફેલાવતા ખાન ઝુલ્ફીકારખાને કહ્યું.

'ખાવિંદ! મરદોને બોલવા માટે ખુદાએ જીભ આપી છે; પણ અમ ઓરતોની જબાન તો હૈયાવડે બોલતી હોય છે!' બેગમ ગુલાબે ગંભીરતાથી જવાબ આપ્યો.

'ખરી વાત છે; પણ મરદો તો હાથમાં તલવાર લઈને લડે છે, જ્યારે ઓરતો તો આંખોના કાતિલ ખંજર વડે સામાને ઘાયલ કરે છે!' ખાનસાહેબે પણ ગંભીરતાનો દેખાવ કરી જવાબ આપ્યો.

'એ આંખના ખંજર વડે લોહી વહાવાય છે કે આંસુઓ, તે આપે જોયું છે? દખ્ખણમાં ખાવિંદની સાથે આવ્યાં આટલાં આટલાં વર્ષો વીતી ગયાં છતાં એકેય દિવસ મારી આંખનાં આંસુ સૂકાયાં નથી!'

'ખોટી આશાઓની ખિદમત કરનારાઓની આંખે આંસુઓ જ વહે ને?' ખાને સહેજ કડ[illegible]થી કહ્યું. 'તકદીરમાં તખ્ત ન હોય તો તાબૂતની તહેનાતથી [illegible] ન જ સાંપડે!'

'બાદશાહત અને બેટી આપને મન સરખાં જ હશે! આખી આલમમાં તખ્ત પર બિરાજનારા આદમીઓ તો આંગળીને વેઢે

ગણાય એટલા જ હોઈ શકે; પણ બેટા-બેટીને રમાડવાનું તો લાખો આદમીના નસીબમાં ખુદાએ લખ્યું જ હોય છે!'

'એ લાખોની યાદીમાં ખુદાની ખફગીથી જેનું નામ ન નોંધાયું હોય, તેઓ જાન કુરબાન કરે તોપણ બચ્ચાં દેખવા થોડાં જ પામવાનાં છે? દુનિયામાં હરેક આદમી મેઘધનુષ્યના દિલરૂપ રંગો જોઈ આનંદની મોજ માણી શકે, ઊંચા ઊંચા ડુંગરો દેખી આસમાનમાં હાથ અડકાડ્યાની ખુશાલી માને, અફાટ દરિયાને દેખીને પરવરદિગારની બેહદ તાકાદનો ખ્યાલ કરી શકે, પણ આંધળો ગમે તેટલા ડોળા ફાડે, આમાંના કશાનો અનુભવ એ પામી શકશે ખરો? બેગમસાહેબ! આદમીને લડકાની હોંશ તો ખૂબ ખૂબ હોય, પણ પરાક્રમની પેઠે પુત્રનું મોં દેખવાનું ભાગ્ય ખુદાની મહેરબાની હોય તો જ સાંપડે છે, અને એટલે જ હું એથી દિલમાં કદી નારાજી આણતો નથી. તમે પણ તમારી ખૂબસૂરતી પ્રમાણે ખુદા મહેરબાન હશે તો લડકાનું મોં દેખી શકશો એમ માની એના હુકમને કાં બરદાશ નથી કરતાં?'

'બહાદુરીના નશામાં આદમીને બેટો યાદ ન આવે એ બનવા જોગ છે; પણ ઓરત જ્યારે આયના સામે બેસી પોતાનું રૂપ દેખે છે યારે એને એનો નશો નથી ચડતો; એવા રૂપની એક બીજી છબી નિરખવાની જ હોંશ એને વધુ થાય છે. ખાવિંદ! બેઅદબી માફ કરશો, પણ ખુદાએ આદમી અને ઓરતને સાથે જોડવામાં ભારે જબરી કસૂર કરી છે એમ હું તો માનું છું.'

'અલ્લાની પણ કસૂર દાખવનારી તારા સરખી ચતુર બેગમ મળી તેથી આખી આલમ મારી ઈર્ષ્યા કરતી હશે, નહિ?'

'ખાવંદ! તડકો અને ચાંદની, અગર પથ્થર અને ફૂલ એ બેમાં જેટલો તફાવત છે, એટલો જ તફાવત આદમી અને ઓરતનાં

દિલની વચ્ચે છે, એ આપ જાણતા હશો.'

'બેગમસાહેબ! એ ભૂલી ન જશો કે ચાંદનીમાં દુનિયા દિવસની પેઠે કામકાજ કરતી નથી અગર તો ફૂલોવડે મહેલાતો બંધાતી નથી. સારી ય આલમની અજાયબીસમો તાજ પથ્થરોથી જ બાંધેલો છે.'

'પણ એ બાંધવાની દિલમાં ચાહના પેદા કરનાર તો ફૂલો જેવી કુમાશભરી અંતરની લાગણીઓ જ હતી! બાદશાહ શાહજહાંને બેગમ મુમતાજ પ્રત્યે દિલમાં પ્યાર ન હોત તો તાજમહાલ બંધાત જ નહિ, ખાવિંદ! હું તો એમ જ કહું છું કે દુનિયાની હરેક બડી બડી ચીજ પ્યારને કારણે જ પેદા થઈ છે.'

'કબૂલ છે, બેગમસાહેબ! જો આપના પ્રત્યે મારા દિલમાં ઊંડો પ્યાર ન હોત તો ખુદાવિંદ બાદશાહની ખફગી વહોરીને પણ આ જીંજીના કિલ્લાને અભયદાન આપવાની ખટપટમાં હું શા માટે ઊતરત? દુનિયા હસે એવી આ બાબત છે. સમશેર બહાદુર ઝુલ્ફીકારખાનને જીંજી જેવો કિલ્લો સર કરવા વર્ષો સુધી ઘેરો નાખી પડયા રહેવું પડયું હતું એમ અખબારનવીસો તો નોંધવાના જ. વડના ઝાડને હાથ વડે ઉખેડી નાખનાર આદમી ખડનાં ચાર તણખલાં ખેંચીને ફેંકી દઈ શકતો નથી એમ કોઈ માને ખરું? પણ પ્યારી ગુલાબ! હું આ બધું તારે ખાતર કરું છું. પણ હવે આ ઢીલની હદ થઈ જાય છે. હવે તો આખરી હલ્લો કરી કિલ્લો સર કરી રાજારામને પકડી લઈ પાછા દિલ્હી રવાના થવા માટે દિલ તલપાપડ થઈ રહ્યું છે.'

'પણ ખાવિંદ! પેલા ફકીરે તો બોલ ભાખ્યો જ છે કે છોકરી દખ્ખણમાંથી જ મળશે, તેનું શું?'

'ફકીર તો ગમે તેમ બોલે. ફકીરનું માન્યા કરનાર માનવીને